**જનસંપર્ક અધીકારી દ્વારા**
**પોલીસ કમિશનરશ્રીની કચેરી, અમદાવાદ શહેર**
**ટેલીફોન નંબર ૨૫૬૩૩૩૩૩**
**કંટ્રોલરૂમ ટેલી.નં. ૨૫૬૩૦૧૦૦,૨૫૬૩૦૨૦૦, ૨૫૬૩૦૪૦૦ ફેક્સઃ ૨૫૬૩૦૬૦૦**

તા.૧૯/૧૦/૨૦૧૭ ગુરૂવાર

અમદાવાદ શહેર પોલીસ સમાચાર

<u>અમદાવાદ શહેર પોલીસ તરફથી કરવામાં</u>
<u>આવેલ પ્રશંસનીય/નોંધપાત્ર કામગીરી :-</u> <u>સમાચાર યાદી નં.૨૧૧૧/૧૭</u>

## <u>કાગડાપીઠ પોલીસ સ્ટેશન</u>

મે.પોલીસ કમિશ્નરશ્રી અમદાવાદ શહેર તથા અધિક પોલીસ કમિશ્નરશ્રી સેકટર-૨ તથા નાયબ પોલીસ કમિશ્નરશ્રી ઝોન-૬ તેમજ મદદનીશ પોલીસ કમિશ્નરશ્રી " કે " વિભાગ નાઓની સુચના તેમજ માર્ગદર્શન હેઠળ કાગડાપીઠ પોલીસ સ્ટેશનના અનાર્મ હે.કો. નરેન્દ્રસિંહ મહોબતસિંહ બનં.૭૩૯૪ નાઓ સ્ટાફના માણસો સાથે "કે" ડીવીઝન વિસ્તારમાં નાસતા ફરતા વોન્ટેડ આરોપી શોધવા પેટ્રોલિંગમાં હતા દરમ્યાન પો.કો.વિરભદ્રસિંહ રાજેન્દ્રસિંહ તથા પો.કો.સુધાકર કુલસિંહ નાઓને મળેલ બાતમી આધારે કાગડાપીઠ પો.સ્ટે ફસ્ટ .ગુ.ર.નં-૮૦/૨૦૧૬ ધી.ઇ.પી.કો કલમ ૪૦૬.૪૨૦.૪૬૫.૪૬૭.૪૬૮.૪૭૧.૧૧૪ તથા વટવા પો.સ્ટે ફસ્ટ.ગુ.ર.નં-૧૬૨/૨૦૧૬ ધી.ઇ.પી.કો કલમ-૩૦૬.૫૦૬(૧).૧૧૪ મુજબના ગુનાના કામે પોતાની ધરપકડ ટાળવા સારુ નાસ્તો-ફરતો વોન્ટેડ આરોપી નામે ફૈજમહમંદ નિયાઝમહમંદ શેખ ઉ.વ-૨૯ રહે-એ/03 એમ્બીટાવર ખાનપુર દરવાજા પાસે ખાનપુર અમદાવાદ શહેર તથા શાહપુરમીલ કમ્પાઉન્ડ વિશ્વભારતી સ્કુલની પાછળ મસ્જીદવાળી ગલી શાહપુર અમદાવાદ શહેર હાલ રહે-દાણીલીમડા મોતીબેકરીની પાસેની ગલીમા ફલેટમા ગ્રાઉન્ડ ફલોર દાણીલીમડા અમદાવાદ શહેર નાને દાણીલીમડા ચાર રસ્તા પાસે આવેલ લક્કી ટી.સ્ટોલની બાજુમાથી પકડી આજરોજ તા-૧૮/૧૦/૨૦૧૭ ના કલાક ૧૮/00 વાગે CRPC કલમ ૪૧(૧)(આઇ) મુજબ પકડી અટક કરી આગળની વધુ કાર્યવાહી હાથ ધરવામા આવેલ છે તા-૧૮/૧૦/૨૦૧૭

**<u>સરદારનગર પોલીસ સ્ટેશનઃ</u>**

મેહેરબાન પોલીસ કમિશ્નરશ્રી ના હુકમ અનુસાર દિવાળીના તહેવાર અનુસંધાને કોમ્બીંગ નાઇટમા અમો તથા સ્ટાફના માણસો સાથે પો સ્ટે વિસ્તારમા નાઇટ રાઉન્ડ મા પ્રેટ્રોલીંગમા હતા દરમ્યાન સરદારનગર વન ગાડીને કંટ્રોલ રૂમ તરફથી કલાક ૦૦/૨૦ વાગ્યાનો એક મેસેજ મળેલ જેમા મોબાઇલ નંબર ૭૨૦૩૦૪૪૦૪૭ જયેશભાઇ જણાવે છેકે પાટીયા સર્કલ હુ તથા મારા શેઠ ગાડી લઇને જતા હતા ત્યારે એક એકટીવા સાથે એક્સીડન્ટ થઇ જતા અમોને બહુજ માર મારેલ છે અને સામાવાળા ત્રણ ચાર માણસો આવી શેઠને રિક્ષામા બેસાડી છારાનગર મા લઇ ગયેલ છે વિગેરે મેસેજ મળતા મે.જેસીપી સાહેબ સેકટર -૨ તથા ડીસીપીશ્રી ઝોન -૪ સાહેબશ્રી નાઓના માર્ગદર્શન હેઠળ અમો તથા મ.પો.કમિશ્રી ડી એસ વ્યાસ સાહેબ નાઓ સાથે તેમજ સર્વેલન્સ સ્કોડ તથા કુબેરનગર ચોકીના સ્ટાફના માણસો સાથે સદર મેસેજમા જણાવેલ ઇસમની કુબેરનગર વિસ્તાર તેમજ છારાનગર વિસ્તારમા ખંત પુર્વક તપાસ કરેલ તેમજ સદર ઇસમની તપાસ વિવિધ જગ્યાએ તપાસ કરતા તેમજ ખાનગી બાતમીદારો ને એકટીવ કરી તેમજ જુદી જુદી પોલીસ ટીમો તાત્કાલીક બનાવી સદરી ઇસમને શોધી કાઢી સદરી ઇસમની બનાવ બાબતે પુછપરછ કરતા હકિકત જણાવા મળેલ કે ગઇ તારીખ ૧૮/૧૦/૨૦૧૭ ના રોજ રાત્રીના આશરે આઠેક વાગ્યાના સુમારે ફરી મુક્તેશ્વર ચૌધરી તેમના કારીગર સત્યમ જે ચમનપુરા ખાતે રહેછે તેની સાથે ફટાકડા લેવા કુબેરનગર ખાતે આવેલ બાદ તેઓની આઇ ટેન કાર નંબર જી જે 01 H.P– 8556 મા કુબેરનગર થી નરોડા પાટીયા તરફ જતા રસ્તા ઉપર આશરે દશેક વાગ્યાના સુમારે એક એકટીવા સાથે કાર અથડાઇ જતા એકટીવા ચાલકને શરીરે નાની મોટી ઇજાઓ થયેલ તે દરમ્યાન એકટીવા ચાલકનો દિકરો આવી જતા બન્ને જણા ફરી ઉપર ગુસ્સે થઇ ઢોર માર મારેલ અને કારીગર સત્યમ ડરીને નાશી ગયેલ અને ફરીને જબર જસ્તી રિક્ષામા નાખી છારાનગર લઇ જઇ તેમના ઘર આગળ બેસાડી બીજા બે ઇસમો આવી તેઓએ પણ માર મારેલ અને અંદરો અંદર વાત કરતા ઉપરોક્ત આરોપીઓના નામ જાણવા મળેલ તેમજ ચારેય જણાએ ફરી સાથે જબર જસ્તીકરી ખુસ્સુ ખેચી ખિસ્સામા પડેલ પર્સ તેમજ પર્સમા S.B.I બેંકનુ તથા એકક્ષીસ બેંકનુ A.T.M તથા અસલ ડ્રાઇવીંગ લાયસન્સ તથા અસલ આધાર કાર્ડ તથા અસલ પાન કાર્ડ તથા રોકડ રૂપિયા ૧૫૦૦/- તથા ઓપ કંમ્પનીનો મોબાઇલ ફોન જેની કિમત રૂપિયા ૭,૦૦૦/- ગણાય જે આરોપીઓએ વારા ફરથી માર મારી તમામ સર સામાન લુંટી કહેવા લાગેલ કે આને સ્મસાન ઉપર લઇલો આજે કાળી ચૌદસ છે આની બલી ચઢાવી દઇએ તેમ કહી જાનથી મારી નાખવાની ધમકી આપી બે ત્રણ કલાક સુધી ઘર આગળ ગોધી રાખી ધાક ધમકીઓ આપેલ અને અમો તથા સ્ટાફના માણસો શોધતા શોધતા આરોપીના ઘર પહોચતા આ લોકો પૈકી ત્રણ જણા નાશી ગયેલ અને એકટીવા ચાલકને પોલીસ સ્ટેશન લાવેલ તેમજ ફરી તથા આરોપીને અકસ્માતમા વાગેલ હોઇ જેને સારવાર માટે સિવિલ હોસ્પીટલ મોકલી આપેલ તેમજ સદર બનાવ બાબતે સરદારનગર પોલીસ સ્ટેશન ફસ્ટ ગુ.ર.ન ૩૧૬/૧૭ I.P.C કલમ ૩૯૫,૩૯૪,૩૪૨,૫૦૬(૧) મુજબની ફરીયાદ લઇ ગુન્હો દાખલ કરેલ છે.

---

નાયબ પોલીસ કમિશનર,
કંટ્રોલરૂમ, અ'વાદ શહેર.
પોલીસ કમિશનર વતી.